## -: દેવમૂર્તિ :-

ખરું જોતાં સં. ૧૫૧૭માં ખંભાતમાં, શ્રી લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય શ્રુતમૂર્તિગણિએ જેની નકલ કરી છે તે કૃતિનું નામ 'વિક્રમાદિત્ય મહારાય-ચરિત્ર' છે. આખો ગ્રંથ ૧૭ સર્ગોમાં લખાયો છે, અને એમાં બધા મળીને ૫૬૭૦ શ્લોકો છે. આમાંનો ૧૭ મો સર્ગ ૨૦૫૮ શ્લોકોનો છે. તેમાં 'સિં.બ.'ની બધી વાર્તાઓનો સમાવેશ થઈ જાય છે સામાન્યરીતે આ ૧૭મા સર્ગમાં કવિ, ક્ષેમંકરમુનિએ આપેલી 'વિક્રમચરિત્ર'ની વાર્તાઓને અનુસરે છે પણ કોઈ કોઈ સ્થળે વાર્તાઓમાં મહત્વનો ફરક પણ છે તે યથાસ્થાને વાર્તાવસ્તુના તુલનાત્મક અભ્યાસમાં બતાવ્યું છે. આ પ્રત ૧૫૧૭માં લખાઈ છે, પણ મૂળ કૃતિ દેવમૂર્તિએ સં. ૧૭૭૨ આસપાસ રચી જણાય છે. દેવમૂર્તિ, કાસદ્રહગચ્છના દેવચંદ્રસૂરિના શિષ્ય થાય. દેવમૂર્તિ ઉપાધ્યાય નામે પણ એ ઓળખાય છે. (આ હસ્તપ્રત પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાંથી મળી છે. તેમાં ૧૭૦ પત્રો છે. તેનો પોથી નં. ૩૯૫૦ છે.)

કવિ ઘણીરીતે ક્ષેમંકરમુનિને અનુસરે છે. વાર્તાઓનું સ્વરૂપ અને ક્રમ ઘણો અંશે સમાન છે તેવો ખરું જ પણ ઘણીવખત વાર્તાના નિરૂપણમાં વિચાર કે પ્રસંગને અનુરૂપ અથવા પુષ્ટિ આપે તેવી વિધાનો પણ બીજી કૃતિઓમાંથી કવિ ઉતારે છે અને તેમાં ક્ષેમંકરમુનિને અનુસરે છે, જો કે ક્ષેમંકરમુનિ કરતાં વધુ અવતરણો આ કવિએ આપ્યાં છે. એમ પણ લાગે છે કે સંસ્કૃત પદ્ય કરતાં ગદ્યમાં વાર્તાઓ લખવાનું સહેલું છે છતાં કવિએ પદ્યરચના અપનાવી છે તે તેમની રૂચિ અને કવિત્વ-શક્તિ તેમજ ભાષા અને છંદ ઉપરના પ્રભુત્વ માટે માન ઉપજાવે છે. સાથે સાથે જ કેટલેક સ્થળે કવિ સંસ્કૃતેતર ભાષામાંથી પણ અવતરણો આપે છે એવાં અવતરણોમાં ઘણું ખરું તો પ્રાકૃત, અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતીમાંની કોઈક સૂક્તિ ઉતારી હોય છે. સંસ્કૃતરચના જોતાં પણ વચ્ચે વચ્ચે પ્રાકૃત અપભ્રંશાદિ ભાષાઓમાં સુભાષિતો ઉદ્ધૃત કરવાની પ્રવૃત્તિ જૈન કથા-સાહિત્યમાં સુપ્રચલિત છે.

કવિની શૈલી સર્વત્ર પ્રાસાદિક છે. મુખ્યત્વે અનુષ્ટુપ છંદનો કવિ ઉપયોગ કરે છે; સરલ, વેગવંત વાર્તાકથન માટે આ છંદ સૈકાઓ વર્ષોથી સંસ્કૃત સાહિત્યમાં સર્વત્ર સ્વીકાર પામેલો લોકપ્રિય છંદ છે. કવિની ભાષા
૩૬ અનુષ્ટુપમાં તો ખૂબ સરલતાથી વહે છે. તેમ છતાં કોઈ કોઈ સ્થળે સમાસપ્રચુર ભાષા પણ તે અનુષ્ટુપમાં વાપરી શકે છે. કવિનો બીજો પ્રિય છંદ મિશ્રોપજાતિ હોય એમ ~~[illegible]~~ લાગે છે, એમાં કેટલાંક ભવ્ય વર્ણનો કવિએ કર્યાં છે. તે ઉપરાંત અવતરણોમાં પણ આ છંદનું પ્રમાણ ઠીક ઠીક છે. બીજા છંદોમાં શાર્દૂલવિક્રીડિત કોઈ કોઈ વખત જોવા મળે છે.

કવિએ ક્ષેમંકર કરતાં, જુદી જુદી વાર્તાઓના કથનમાં વિગતો રજૂ કરવામાં વધુ ચીવટ રાખી છે અને ઘણે સ્થળે વિસ્તાર પણ કર્યો છે. કોઈ-કોઈ સ્થળે બિનજરૂરી વિસ્તાર કાઢી પણ નાંખ્યો છે, જેમકે પ્રાસ્તાવિક વાર્તા ક્ષેમંકરમાં ઠીક ઠીક જગ્યા રોકે છે જ્યારે દેવમૂર્તિએ એ બહુજ સંક્ષેપમાં પતાવી છે, એમ કરવામાં એમણે સિંહાસન પ્રાપ્તિનો પ્રસંગ ઉડાવી દીધો છે, સિદ્ધસેન દિવાકરનો ઉલ્લેખ કર્યો નથી અને આ પૂતળીઓ જાણે ભોજને નહીં, પરંતુ વિક્રમપુત્ર વિક્રમસેનને, વિક્રમના અવસાન પછી રાજા બનીને જ્યારે તે સિંહાસને બેસવા જાય છે, તે વખતે, કહે છે. વિક્રમનાં રાજ્યનું વર્ણન કરતાં કવિઓએ રજૂ કરેલી અનેક સુંદર ઉક્તિઓનો ઉપયોગ કવિ અવશ્ય કરે છે પણ વૈતાલની સાધેલા પ્રસંગને ટૂંકાવીને માત્ર સ્વાદિષ્ટ ભોજન આપીને વિક્રમે તેને વશ કર્યો અને તે સેવકની માફક વર્તવા લાગ્યો એટલું જ કહે છે. વળી, 'વિસેમિરા'ની વાર્તા કવિએ આખી જ ઉડાવી દીધી છે. આમ નમૂના તરીકે, આ પ્રાસ્તાવિક વાર્તા ઉપરથી પણ કવિની પદ્ધતિ અને સૂઝનો ખ્યાલ આવશે. આમે પણ વાર્તાઓમાં વચ્ચે-વચ્ચે સુંદર અવતરણો આપવાનું કવિ ભૂલતા નથી. તેમ છતાં વાર્તાઓને અવતરણોથી લાદી દઈને વિદ્વત્તાનું પ્રદર્શન કરવાનો કવિનો હેતુ હોય એમ ક્યાંય લાગતું નથી.

કવિની વર્ણન-શક્તિ સારી છે. માત્ર યોગભ્રષ્ટ તાપસની વાર્તા-ક જોવાથી પણ આ વસ્તુનો ખ્યાલ આવશે. કવિ જૈન ધર્મ તરફ વલણ તો અવશ્ય બતાવે છે પણ ~~[illegible]~~ ઈતર ધર્મના અનુયાયીઓ પ્રત્યે એમણે અણગમો અથવા કટુતા ક્યાંય બતાવ્યાં નથી. વારંવાર તીર્થયાત્રાના ઉલ્લેખો આવે છે.

વિક્રમ પણ જૈન ધર્માનુયાયી બન્યો અને કોઈ કોઈ વખત વાર્તામાં આદિજિનની પૂજા કરી એવાં વર્ણનો પણ આવે છે (દા.ત.—

① રાજ્યં રાજ્યં મમાપ્યસ્તુ વીતરાગ પ્રસાદતઃ ॥ શ્લોક. ૭૭. પૃ. ૧૨૯. આ॥
② નાન્યં વદામિ ન નમામિ ન આશ્રયામિ।
39 નાન્યં શૃણોમિ ન રમામિ ન ચિન્તયામિ॥
લબ્ધ્વા ત્વદીય ચરણાંબુજ માદરેણ।
શ્રી વીતરાગ ભગવન્ ભજ માનસં મે॥ ૬૯. પૃ. ૧૩૦. આ॥

આમાં વિશેષ દયાધર્મના ઉપદેશ તરફ કવિનું લક્ષ્ય છે, બાકી ધર્માંધતા ક્યાંય જોવા મળતી નથી.

કવિ વાર્તાઓનું સમાપન સારી રીતે કરે છે, અને કોઈ કોઈ વખત વાર્તાને અંતે એક એકાદ શ્લોકમાં વાર્તાનો સાર પણ આપી દે છે. ક્ષેમંકર કરતાં આ કવિની કૃતિનું પૂર વિશેષ લાગતું નથી. એનું કારણ એની વસ્તુલક્ષી શૈલી છે. સંક્ષેપના શોખને ખાતર નહીં તો અનાવશ્યક વિસ્તારની અનિચ્છાને કારણે આમ બન્યું હોય. પરિણામે વાર્તાઓ ટૂંકી બની છે.

ક્ષેમંકરની વાર્તા-યોજનાને કવિ અનુસરે છે પણ રામચંદ્રની ધીર ગંભીર ગતિએ ચાલતી યોજનાને બદલે અહીંતો ઝડપી યોજના દેખાય છે. કેટલાક શ્લોકો બંનેમાં (રામચંદ્ર અને દેવમૂર્તિમાં) સમાન મળે છે; જેમકે લક્ષ્મીપ્રશંસા અને લક્ષ્મીનિંદા, 'ભર્તૃહરિશતક' વગેરેમાંથી લીધેલા અન્ય શ્લોકો પણ ઘણા-ખરા સમાન છે. એટલે સ્વાભાવિક રીતે એ શ્લોકો આ બેમાંથી કોઈક કવિની રચના હોય એમ માનવાને બદલે કોઈ સામાન્ય ભંડારમાંથી એમણે એ સ્વીકાર્યા હોય એ વધારે શક્ય લાગે છે. આપણે ત્યાં સામાન્ય રીતે આવાં, સ્વપ્ન અને તેનાં અનેક સંજોગોને લગતાં સુભાષિતો જૂના સમયથી પ્રચલિત છે અને ઘણી વખત તો એ સુભાષિતોના કવિનું નામ પણ અજ્ઞાત હોય છે. છેક 'પંચતંત્ર'ના જમાનાથી અવતરણો આપવાની પ્રણાલિ આપણે ત્યાં ચાલી આવી છે, એમજ આ કવિઓ અનુસર્યા હશે એમ માનવું વધુ યોગ્ય છે.

આ ઉપરાંત દેવમૂર્તિ વિશે એક બીજી વાત પણ નોંધવા જેવી છે. 'વિક્રમ ચરિત્ર' એમણે દશ હજાર જેટલા શ્લોકોમાં લખ્યું છે અને 'સિં. બ.'ની વાર્તાઓ તો એમાં લગભગ છઠ્ઠો ભાગ છે. બાકીની વાર્તાઓ એમણે કઈ પરંપરામાંથી લીધી અને એમાં શું શું ઉમેર્યું અને બાદ કર્યું તે પણ અભ્યાસનો એક રસિક અને ઉપયોગી વિષય થઈ પડે એમ છે.